**આંક–૫**

**મહે. લેબર કોર્ટ અમદાવાદના એડી. ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ તથા ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૧૫૩૩૯/૨૦૧૮**
**જુનો ક્રિમીનલ કેસ નં. ૨૦૭૨/૨૦૧૭**

**ફરિયાદી :– કારખાના નિરીક્ષકશ્રી, અમદાવાદ.**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– શ્રી પ્રતિક ઈશ્વરભાઈ જૈન, (કબ્જેદાર)**
અંકિત મેટલ ઈન્ડસ્ટ્રીઝ,
૧૧૩ થી ૧૧૬, રાધેશ્યામ ઈન્ડ. એસ્ટેટ,
જી.વી.એમ.એમ. સામે, ઓઢવ, અમદાવાદ.

**ગુન્હો :– કારખાના અધિનિયમની કલમ ૯૨ મુજબ.**

ફરિયાદી તરફે : –
આરોપી તરફે : વિ.વકીલશ્રી અનિતા એસ.ચૌહાણ.

**<u>–: ચુ કા દો :–</u>**

**(૧)** હાલનો ફોજદારી કેસ મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ કોર્ટ અમદાવાદ તરફથી લેબર કોર્ટ અમદાવાદને તબદીલ કરવામાં આવેલ છે, જે અત્રેની કોર્ટને એલોટ કરવામાં આવેલ છે. ઉપરોકત કેસની ફરીયાદ કારખાના નિરીક્ષક ધ્વારા જે તે વખતે સબંધિત મેટ્રોપોલિટન મેજીસ્ટ્રેટ સમક્ષ ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૧૯૦ (૧) (એ) મુજબ ફરિયાદીએ રજૂ કરતા સબંધિત કોર્ટ ધ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૦ (એ) વંચાણે લઈને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુન્હાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો. સદરહુ ફરિયાદની હકીકત જોવામાં આવે તો, ફરિયાદી ફેકટરી એકટની ક.૮ મુજબ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. તેઓએ આરોપીના કારખાનાની મુલાકાત લઈ તપાસ કરતા જાણવા મળેલ કે, **કારખાના ધારા અન્વયેના નિયમોના નિયમ–૧૦૩(૩)**નો ભંગ કરેલ, જે સંદર્ભે સદરહુ કાયદાની કલમ–૯૨ હેઠળ શિક્ષાપાત્ર ગુનાની ફરિયાદ કરેલ છે.

**(૨)** ત્યારબાદ સદરહુ કેસ અત્રેની કોર્ટમાં તબદીલ થતાં આરોપીને સમન્સ ઈશ્યુ કરતા તેઓ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગમાં હાજર થયેલ. જેથી આરોપીને ફરિયાદ તથા તેની સાથેના કાગળોની નકલ વિના મૂલ્યે આપવામા આવેલ. ત્યારબાદ ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૧ મુજબ ગુન્હાની વિગતો જણાવી ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછવામાં આવેલ જેથી આરોપીએ પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે અને અલગથી ગુન્હાની કબૂલાત અંગે પુરસીસ, ભારતીય ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ–૨૫૨ અન્વયે રજૂ કરેલ છે. આરોપીએ ગુન્હાની કબૂલાત પુરસીસ રજૂ કરતાં તેઓને સમજાવવામાં આવેલ કે, તેઓ ગુન્હો કબૂલ કરવા બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ છતાં, આરોપી પોતાનો ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે જેથી તેઓની પ્લી નોંધવામાં આવેલ છે.

(૩) આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવીને કબૂલાત પુરસીસ રજૂ કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, પોતાને આ અંગે જાણ ન હતી અને અગાઉ તેઓ કોઈ ગુન્હામાં સંડોવાયેલા નથી. ભવિષ્યમાં આવો કોઈ ગુન્હો કરશે નહીં તેની ખાતરી આપેલ છે અને પોતાને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૪) આ કામે આરોપી સામેના ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ જોવામાં આવે તો આરોપીએ **કારખાના ધારા અન્વયેના નિયમોના નિયમ–૧૦૩(૩)** નો ભંગ કરીને કારખાના ધારાની ક.૯૨ મુજબનો ગુન્હો કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, પરંતુ આરોપીએ જે જોગવાઈનો ભંગ કરેલ છે તે ધ્યાને લેતા તથા આરોપીની ઉંમર, કેસની હકીકત, કેસનું આયુષ્ય, સજાની જોગવાઈ ગુન્હાનો પ્રકાર વિગેરે, તેમજ ખાસ સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯ ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આ કામના આરોપીને વ્યાજબી તથા ઓછો દંડ કરી સજા કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જેથી હાલના કેસમાં નીચે મુજબનો હુકમ ન્યાયના વિશાળ હિતમાં કરવામાં આવે છે.

**–: હુકમ ::–**

(૧) આ કામના આરોપીને ફોજદારી કાર્યરીતી અધિનિયમની ક.૨૫૨ મુજબ **કારખાના ધારા અન્વયેના નિયમોના નિયમ–૧૦૩(૩)** ના ભંગ બદલ કારખાના ધારા ૧૯૪૮ ની કલમ–૯૨ મુજબના ગુન્હા સંદર્ભે દોષિત ઠરાવવામાં આવે છે અને તેઓને ભંગ બદલ **રૂ.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપી દંડની રકમ ભરવાની કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

(૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૧૨/૦૩/૨૦૨૨ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૨/૦૩/૨૦૨૨
સ્થળ : અમદાવાદ.

**(નિલેશ અશોકભાઈ ઈજનેર)**
**CODE : GJ00484**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

R.C.GOHEL,P.A.